# ડેરીયા ગામે સતના પારખાં કરાવનાર આરોપીઓની ધરપકડ

## તંત્રની બેદરકારી પ્રત્યે રોષ ઠાલવતા ધારાસભ્ય : દાઝેલાનો આંક ૧૦૦ ઉપર, જયારે સરકારી ચોપડે ૩૨ જ બતાવાયા









બાયડ, તા. ૬

ગઈકાલે બાયડ તાલુકાના ગણેશપુરા ગ્રામ પંચાયતમાં આવતા ડેરીયા ગામે બનેલી હીચકારી ઘટનામાં આજના આ આધુનીક જમાનામાં અંધશ્રધ્ધા રાખી ચુટણીમાં મત ના આપ્યાનો વહેમ રાખી સતના પારખા કરાવનાર દોષીતો સામે સમગ્ર જીલ્લામાં ચોતરફથી હાહાકાર મચી ગયો છે. જયારે સરકારી ચોપડે આ દાઝેલાની સંખ્યા ૩૨ જેટલી બતાવાઈ રહી છે ત્યારે આધારભૂત સૂત્રો પાસેથી મળેલી માહીતી અનુસાર આ સંખ્યા ૧૦૦ ના આંકને પણ પાર કરી જાય તેટલી છે.

જયારે આ સમગ્ર કેસમાં આબલીયારા પોલીસને સતના પારખા કરાવતા સમયે કેટલાક ગ્રામજનોએ જાણ કરી હોવા છતાં પણ આબલીયારા પોલીસે ત્યાં પહોચી આ હીનકૃત્ય રોકવાની તસ્દી પણ લીધી ન હતી. જો આ ઘટના સમયે આંબલીયારા પોલીસ ત્યાં પહોચી હોત તો આજે આ દાઝી ગયેલા પીડીતો બચી ગયા હોત. પરંતુ આ સમગ્ર બાબતમાં આબલીયારા પોલીસ સામે શંકાની આગળી ચીંધાઈ રહી છે. જયારે આ આબલીયારા પી.એસ.આઈ આટલું આટલું બન્યુ હોવા છતાં તેમનો ટેલીફોનીક સંપર્ક કરતા હજુ પણ તપાસ ચાલુ છે તેવો રાગ આલાપે રાખ્યો હતો.

જયારે આ ઘટનાની જાણ વાયુ વેગે થતાં સમગ્ર જીલ્લાનું મીડીયા આ ઘટનાનું કવરેજ કરવા ગણેશપુરા ગામે પહોચી દોષીતોને સજા મળે અને ઈજાગ્રસ્તોને ન્યાય મળે તેવો પ્રયાસ હાથ ધર્યો હતો. જયારે આ ઘટનાની જાણ બાયડ માલપુરના ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા અને પ્રાંતીજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાને થતા તેઓ આજે ડેરીયા ગામે પહોચી ગયા હતા અને પીડીતોને હૈયાધારણા આપી હતી.

જયારે ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલાનો સંપર્ક કરતાં તેમણે આક્રોશ સાથે જણાવ્યુંહતુ કે આટલી મોટી ઘટના ઘટી હોવા છતાં પણ તંત્ર ઘોર નીદ્રામાંથી જાગ્યું નથી. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે તંત્ર આ સમગ્ર ઘટનામાં ઢાંક પીછોડો કરવાનો પ્રયાસ કરતુ હોય તેવું દેખાઈ રહયુ છે. ધારાસભ્યશ્રીએ તાબડતોબ કલેકટર અને જીલ્લા પોલીસવડાને ફોન ઉપર સંપર્ક કરી, આ અંગે કાર્યવાહી કરવાની સુચના આપી હતી. ત્યારબાદ કલેકટરશ્રીએ બાયડ પ્રાંત અધીકારી સીધ્ધીબેન અને જીલ્લા પોલીસ વડા એ. ડી.વાય.એસ.પી.ને સુચના આપતાં તાત્કાલીક ઘટના સ્થળ ઉપર બાયડ મામલતદાર સી. બી. પ્રજાપતી, બાયડ તાલુકા વિકાસ અધીકારી, હેલ્થ ઓફીસર અને તેમની ટીમ પહોચી બાકીના ઈજાગ્રસ્તોની સારવાર લેવડાવી હતી અને ગંભીર રીતે દાઝેલા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે વાત્રક ખાતે મોકલવામાં આવ્યા હતા અને આ હીનકૃત્ય કરનાર બન્ને આરોપીઓને પોલીસે ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. જયારે આ ઘટનામાં એક વૃધ્ધ મહીલાનુ તેલમાં હાથ બોળવાની બીકે હાર્ટ એટેક આવતા મૃત્યુ થયુ છે. જયારે સમગ્ર જીલ્લામાંથી આવુ કૃત્ય કરાવનાર આરોપી અમૃત પરમાર અને દીનેશ પરમારને કઠીનમાં કઠીન સજા થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. જયારે ગ્રામ લોકોના જણાવ્યા અનુસાર અમૃત પરમાર માથાભારે હતો અને ગામમાં કેટલાયે લોકોને છેતરી તેમની જમીન પણ પચાવી પાડયાનું જાણાવ્યુ હતું.

### ડેરીયા ગામની મુલાકાત લેતા બાયડ-પ્રાંતિજ કોગ્રેસના ધારાસભ્ય

ગઈકાલે ગ્રામ પંચાયતોની ચુટણીના પરીણામો જાહેર થયાં પછી ઉમેદવારના ટેકેદારો દ્વારા હાર સહન ન કરવાને કારણે બાયડ તાલુકાના ડેરીયા ગામે બે માથાભારે તત્વોએ ગ્રામજનોને અંધશ્રધ્ધા રાખીને ડેરીયા ગામના ગ્રામજનોને સતના પારખા કરાવવા માટે ઉકળતી તેલની કડાઈમાં હાથ નંખાવી સતના પારખા કરાવ્યા હતા. જેને લઈને અંદાજે ૧૦૦ જેટલા લોકો દાઝી ગયા હતા. જ્યારે ૧૫ જેટલા લોકો ગંભીર રીતે હાથના ભાગે દાઝયા હતા. જયારે આ સમગ્ર ઘટનાની જાણ થતા બાયડ-માલપુરના કોગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા અને પ્રાંતીજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ડેરીગા ગામે દોડી જઈ ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી. જયારે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાને ધ્યાને ગ્રામજનોએ નઘણીયાતા સરકારી તંત્રની બેદરકારી વિશે રજુઆત કરતાં ધારાસભ્યશ્રીએ તાબડતોબ કલેકટર અને જીલ્લા પોલીસવડાને ફોન ઉપર સંપર્ક કરી આ અંગે કાર્યવાહી કરવાની સુચના આપી હતી. ત્યાર બાદ કલેકટરશ્રીએ બાયડ પ્રાંત અધીકારી અને જીલ્લા પોલીસ વડા એડી. ડી.વાય.એસ.પી. ને સુચના આપતાં



તાત્કાલીક ઘટના સ્થળ ઉપર પહોચી બાકીના ઈજાગ્રસ્તોની સારવાર લેવડાવી હતી અને ગંભીર રીતે દાઝેલા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે વાત્રક ખાતે મોકલવામાં આવ્યા હતા.

# ભાદરડી ગામે યુવતીને મોબાઈલ પર હેરાન પરેશાન કરતા યુવક સામે ફરિયાદ

હિંમતનગર, તા.૬

હિંમતનગર તાલુકાના ભાદરડી ગામે ગામના જ એક યુવક દ્વારા છેલ્લા ઘણા સમયથી એક પરણીતા યુવતીને ટેલીફોન પર હેરાન પરેશાન કરવામાં આવતી હોવા અંગે હિંમતનગર ગ્રામ્ય પોલિસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

હિંમતનગર તાલુકાના ભાદરડી ગામે રહેતા નગીનજી ધુળાજી ઠાકરડા નામનો યુવક છેલ્લા ઘણા સમયથી ગામમાં જ રહેતી ૩૬ વર્ષીય પરણીતા યુવતીના મોબાઈલ ફોન પર દરરોજ સવાર સાંજ ફોન કરી તેમજ મેસેજ કરી હેરાન પરેશાન કરી રહ્યો છે. ઉપરાંત યુવક અનેક વખત યુવતીના ઘરમાં બીન અધિકૃત પ્રવેશ કરી શારીરિક અડપલા પણ કરી ચૂકયો છે. યુવતીના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવતીએ હિંમતનગર ગ્રામ્ય પોલિસ મથકમાં ફરિયાદ આપતા પોલીસ આરોપી વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગર પોલીટેકનીક કોલેજ પાસેથી મૃતદેહ મળી આવ્યો

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર શહેરની પોલીટેકનીક કોલેજ પાસે ખુલ્લા મેદાનમાં આધેડનો મૃતદેહ પડ્યો હોવા અંગેની જાણ હડીયોલના સરપંચે બુધવારના રોજ સવારે હિંમતનગર ટાઉન પોલીસમથકે કરી હતી.જેથી પોલીસે ઘટના સ્થળે પહોંચી હતી. પ્રથમ તપાસ કરતા મૃતદેહ બિનવારસી હતી પણ તપાસ કરતા મૃતદેહ પાસેના મોબાઈલથી તે મૃતદેહની ઓળખાણ થઈ હતી. જે હિંમતનગરના રાયકાનગર વિસ્તારમાં રહેતા કોન્ટ્રાક્ટરનો ધંધો કરતા કનુભાઈ પ્રભાભાઈ ભોઈ હોવાની ઓળખ થઈ હતી. જેમનું મોતનું પ્રાથમિક કારણ ઠંડીથી મોત થયેલાનું હાલ મનાય છે.

### મોડી રાત્રે પ્રાંતિજના ગામોમાંથી પસાર થતી

# ખનીજ ભરેલી ટ્રકો પર ગ્રામજનોનો હલ્લાબોલ

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ તાલુકાના નવાપુરા ગામે મંગળવારની



મોડી રાત્રે ખનીજ ભરી ગામ વચ્ચે થઈ પસાર થતી ટ્રકો પર ગ્રામજનોએ હલ્લાબોલ બોલાવ્યો હતો અને તમામ ટ્રકોને રોકી મામલતદારને જાણ કરી હતી. આથી મામલતદારે આવી તમામ ટ્રકોને ડીટેન કરી તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકા સીતવાડા નવાપુરા ગામ નજીક નદીના પટમાંથી રાત્રીના સમયે મોટાપાયે ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા ઈસમોનો રાફડો ફાટ્યો છે. ખનીજ ચોરી કરતા ઈસમો સવારથી લઈ મોડી રાત સુધી ટ્રકોમાં ખનીજ લઈ અવરજવર કરતા હોવાથી ગ્રામજનો ભારે પરેશાન થઈ ગયા છે અને તેમની રાતની ઉંઘ હરામ થઈ જતા ગ્રામજનોએ ગત મોડી રાતે ગામના મધ્યમાંથી પસાર થતી રેતી તેમજ ખનીજ ભરેલી ટ્રકો પર હલ્લાબોલ કરી તેને રોકાવી હતી અને તુરંત જ ગામના સરપંચ-નાયબ મામલતદાર મનુસિંહ અને પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ચાર ટ્રકો અનક્રમે નં. જીજે-



૧એટી૬૮૩૨, જીજે-૭યુયુ૮૫૮૦, જીજે-૧યુયુ૯૦૫૧, જીજે-૧૮એક્ષ૯૨૨૫ને ડીટેઈન કરી હતી અનેતેના ચાલક અને માલિક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહેસાણામાં ટ્રાફિક નિયમો તોડતા ૧૨ વાહનચાલકો સામે કેસ

ઊંઝા, તા. ૬

મહેસાણા જિલ્લામાં પોલીસતંત્ર દ્વારા શરૂ કરાયેલ ટ્રાફિકને લગતા નિયમોના ઝુંબેશ અંતર્ગત ઊંઝા પોલીસે ટ્રાફિકને લગતા નિયમોના ઉલ્લંઘન બદલ ભારતીય ફોજદારીધારા તેમજ મોટર વ્હીકલ એક્ટ મુજબ જુદા જુદા વાહનચાલકો સામે ૧૨ કેસો કર્યા હોવાનું પી.એસ. ઓ. જયંતિલાલે જણાવ્યું હતું.

ઊંઝા પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને કર્મચારીઓએ લગભગ છેલ્લા એક સપ્તાહથી ઊંઝા હાઈવે પોલીસ ચોકી આગળ ફોરલેન માર્ગ પરથી પસાર થતા નાના મોટા વાહનોને થોભાવીને જરૂરી દસ્તાવેજોની તપાસ શરૂ કરીને ટ્રાફીકના નિયમોના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી મોટા ભાગે બહારના અને તાલુકાના વાહનચાલકો ઝપટે ચઢ્યા હતા. જ્યારે બસ સ્ટેશનની આસપાસના વિસ્તારમાંથી ગેરકાયદે અને અમર્યાદિત મુસાફરો ભરીને રોજિંદા દોડતા ખાનગી વાહનોના ચાલકો સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ તે ન થતાં પોલીસતંત્રની કથિત એક તરફી ઝુંબેશને કારણે વાહનચાલકોમાં અસંતોષની લાગણી ફેલાઈ છે.

ટ્રાફિકને લગતી ઝુંબેશમાં મુખ્યત્વે ફોરલેન હાઈવે પરથી પસાર થતા રાજ્યના તેમજ પરપ્રાંતના નાના વાહનચાલકોને પરેશાન કરવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ વાહન ચાલકોમાં થઈ રહ્યો છે.

## પાટણ કૉલેજમાં એઈડ્સ જાગૃતિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૬


શ્રીમતી ટી.એસ. આર. કૉમર્સ કૉલેજ પાટણમાં રેડ રીબીન કલબ તેમજ એન.એસ.એસ. અને ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે તા. ૮મી ફેબ્રુઆરીએ યુવાનો અને એચ.આઈ.વી., એઈડ્સ જાગૃતિનો કાર્યક્રમ યોજાશે. અધ્યક્ષ અને ઉદ્ઘાટક શ્રીમતી યામીનીબેન દેસાઈ, માનદમંત્રી નોર્થ ગુજરાત એજયુકેશન સોસાયટી કરશે. અતિથિ વિશેષપદે ડૉ. હેમિક્ષાબેન રાવ, કુલપતિ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, રવિશંકર જિલ્લા વિકાસ અધિકારી પાટણ, ડૉ. એ.કે. પટેલ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર પાટણ, ડૉ. ટી.વી. ભોલાડીયા, જિલ્લા આરોગ્ય અધિક્ષક પાટણ વકતવ્ય આવશે. ડૉ. ભાસ્કર શુક્લ, આચાર્યા શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ પાટણે જણાવેલ છે.











પાલનપુર શહેરમાં આજે સવારથી જ શહેરના શાકમાર્કેટ,સીમલાગેટ, સ્ટેશન રોડ, સહિતના જાહેરમાર્ગો પર લારી તેમજ પાથરણાવાળા સહિત દુકાનદારોના દબાણો દૂર કરવા નગરપાલિકા અને પોલીસ કાફલા સાથે દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરતા સમગ્ર વિસ્તારમાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. શહેરના કોલેજ કમ્પાઉન્ડના રહેવાસીઓએ આ દબાણ મામલે ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા અને આ મામલે સ્વાગત ઓન લાઈનમાં ફરિયાદ કરતાં તંત્ર આ મામલે કાર્યવાહી કરી સ્થાનિક દબાણો હટાવવા કાર્યવાહી હાથ ધરી હતી અને ડી.વાય.એસ.પી. શ્રુતિ મહેતાની આગેવાનીમાં પોલીસ કાફલા સાથે તંત્રના અધિકારીઓએ દબાણો દૂર કરવાનું શરૂ કરતાં વેપારીઓ અને પોલીસ વચ્ચે ભારે ઘર્ષણથી હોબાળો મચી જવા પામ્યો હતો. દરમ્યાન શાકભાજી ભરીને વેચાણ અર્થે આવેલા ખેડૂતોના ટ્રેક્ટરો પણ પોલીસે જપ્ત કરી લેતા ખેડૂતો રોષે ભરાયા હતા. આ મામલે કેટલાક વેપારી અગ્રણી વચ્ચે પડ્યા હતા, પરંતુ તેમ છતાં વેપારીઓ વચ્ચે ભારે ગરમા-ગરમી સર્જાતા પોલીસે સ્ટેન્ડ ટુ બની સમગ્ર પરિસ્થિતિને કાબુમાં લેવા સફળ રહી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD — Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી

રવિવારે શો રૂમ

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮